UGVCL

# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૩૯, ફેબ્રુઆરી - માર્ચ ૨૦૧૭



## જીયુવીએનએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પંકજ જોષી UGVCLની મુલાકાતે



### સાબરમતી ખાતે નવનિર્મિત સ્ટાફ ક્વાટર્સનો લોકાર્પણ સમારંભ



### યુજીવીસીએલ દ્વારા "નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે"ની ઉજવણી



### સી.એસ.આર. સેલ પ્રતિનિધિઓ પર્લ સ્પેશિયલ નીડ્સ ફાઉન્ડેશનની મુલાકાતે

# આ અંકમાં

**વર્ષ–૬ અંક–૩૯,**
**ફેબ્રુઆરી – માર્ચ ૨૦૧૭**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**


**સંરક્ષક**
શ્રી બી.એ. શાહ, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી આર. બી. શુક્લ, સિનિયર આસિસ્ટન્ટ

**તંત્રી મંડળ**
શ્રી એ. કે. મંગલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એ. કે. મંગલ, ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી વી. એમ. શ્રોફ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એચ. ડી. રાઠોડ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી એસ. પી. વૈદ્ય, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી એલ. એ. ગઢવી, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રૂફરીડિંગ :**
શ્રી પ્રણય વાવડીયા, નાયબ અધિક્ષક (સેક્રેટરિયલ)

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા–૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.


cs@ugvcl.in
managercc@ugvcl.in
rbshukla.cccell@gmail.com
cccell@ugvcl.com


## આ અંકમાં


**મુલાકાત**

» જીયુવીએનએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પંકજ જોષીએ લીધી યુજીવીસીએલની મુલાકાત...... ૦૪

**લોકાર્પણ**

» નવનિર્મિત સ્ટાફ ક્વાટર્સનો લોકાર્પણ સમારંભ.............૦૫

**ઉજવણી**

» યુજીવીસીએલ દ્વારા ''નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે''ની ઉજવણી ૦૬

**મુલાકાત**

» સી.એસ.આર. સેલ પ્રતિનિધિઓની પર્લ સ્પેશિયલ નીડ્સ ફાઉન્ડેશન ખાતે મુલાકાત......... ૦૭

**વિદાય**

» શ્રી એફ. એસ. બામચા, કંટ્રોલર ઓફ એકાઉન્ટસ અને શ્રી એચ. ટી. શાહ અધિક્ષક હિસાબનો વિદાય સમારંભ ૦૯

**રમત–ગમત**

» મહેસાણા રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસના યજમાન પદે છઠ્ઠી ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન .......... ૧૦

» અગિયારમી ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પાલનપુર સર્કલ ચેમ્પિયન............................... ૧૨

**સંક્ષિપ્ત સમાચાર**

» વડોદરા ખાતે સ્વિચ ગ્લોબલ એક્સ્પોનું આયોજન....... ૧૪

» પાલનપુર ખાતે ખેલમહાકુંભનું ઉદ્‌ઘાટન................. ૧૪

**કાવ્યધારા**

» મારે ફરી એકવાર શાળાએ જવું છે...................... ૧૫



**આપ સહુની સાથે કામ કરવાના મારા અનુભવ પછી મને એ વાતનો પૂરો વિશ્વાસ છે કે આપ સહુ કોઈ પણ પ્રકારના પડકારોને પહોંચી વળવા માટે સક્ષમ છો.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

છેલ્લા થોડા દિવસોથી આપણે સહુ વિષમ હવામાનની સ્થિતિનો સામનો કરી રહ્યા છીએ. માર્ચ મહિના દરમિયાન ઉનાળાની શરૂઆતમાં જ આપણે વિક્રમસર્જક ગરમીનો અનુભવ કર્યો અને પછી અચાનક વાતાવરણ પલટાયું. આપણા રાજ્ય સહિત દેશના ઘણાં ભાગોમાં અચાનક કમોસમી વરસાદ થયો. આપણા કાર્યક્ષેત્ર પાલનપુરમાં તો કરા સાથે વરસાદ જોવા મળ્યો.

આવા વિષમ વાતાવરણમાં વીજળીનો વિશ્વસનિય પૂરવઠો જાળવી રાખવો એ એક અગ્રગણ્ય વીજ વિતરણ કંપની તરીકે આપણી પ્રથમ ફરજ છે. જોકે, આપ સહુની સાથે કામ કરવાના મારા અનુભવ પછી મને એ વાતનો પૂરો વિશ્વાસ છે કે આપ સહુ કોઈ પણ પ્રકારના પડકારોને પહોંચી વળવા માટે સક્ષમ છો.

થોડા સમય પહેલાં આપણી કંપનીની મુલાકાતે આવેલા ગુજરાત ઊર્જા વિકાસ નિગમના માનનિય મેનેજિંગ ડિરેક્ટર શ્રી પંકજ જોષીની મુલાકાત દરમિયાન તેમણે પણ આપણી કંપનીના કર્મચારીઓની કર્તવ્યનિષ્ઠાની પ્રશંસા કરીને કંપનીએ મેળવેલા વિવિધ પ્રતિષ્ઠિત એવોર્ડઝ અંગે ખુશાલી વ્યક્ત કરી હતી.

આપ સૌને એ પણ જાણીને આનંદ થશે કે આપણી કંપની એક અગ્રગણ્ય કોર્પોરેટ તરીકે પોતાનું સામાજિક ઉત્તરદાયિત્વ પૂરી નિષ્ઠાથી નિભાવી રહી છે. આપણી જવાબદારીઓ પૂરી કરવા માટે કંપનીએ સીએસઆર પોલીસી ઘડી છે અને તેના અંતર્ગત કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સીબિલીટી સેલ ઊભો કર્યો છે. આ સેલના પ્રતિનિધિઓએ તાજેતરમાં એક સામાજિક સંસ્થાની મુલાકાત લઈને આ સંસ્થાની પ્રવૃત્તિઓમાં આપણી કંપની કઈ રીતે મદદરૂપ થઈ શકે તેની જાણકારી મેળવી હતી અને સી.એસ.આર. અંતર્ગત રૂ. ૬૦ લાખનો નાણાકીય ફાળો ગુજરાત સી.એસ.આર. ઓથોરિટીને અર્પણ કરેલ છે. એ ઉપરાંત આપણી કંપનીએ 'નેશનલ ગર્લ ચાઇલ્ડ ડે'ની મહેસાણા ખાતે ઉમંગભરી ઉજવણી કરીને એક નવી પહેલ કરી છે.

આપ સૌના આ પ્રયાસોમાં ઉત્સાહભર્યા સહકાર બદલ હું આભારની લાગણી વ્યક્ત કરું છું.

શુભેચ્છાઓ સાથે,

**બી.એ. શાહ,** આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# જીયુવીએનએલના મેનેજિંગ ડિરેક્ટર
# શ્રી પંકજ જોષીએ લીધી યુજીવીસીએલની મુલાકાત

**ગુજરાત વિદ્યુત બોર્ડમાંથી કંપનીકરણના ફળસ્વરૂપે મહેસાણા ખાતે સ્થપાયેલ ઉત્તર ગુજરાત વીજ કંપનીની કોર્પોરેટ ઓફિસની ગુજરાત ઊર્જા વિકાસ નિગમના મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ પહેલી વાર મુલાકાત લીધી હતી.**

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી પંકજ જોષી, આઈએએસ તા. ૦૩ માર્ચ ૨૦૧૭ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ, મહેસાણા ખાતે મુલાકાતે આવ્યા હતા.

મહેસાણા ઓફિસ ખાતે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી. એ. શાહ, આઈએએસ દ્વારા શ્રી જોષીનું પુષ્પગુચ્છથી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) અને ઇન્ચાર્જ મુખ્ય ઈજનેર (પી.પી.) શ્રી એ. કે. મંગલ, જનરલ મેનેજર (ફાઇનાન્સ) અને સીએફઓ, શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોષી, અધિક મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી, એડિશનલ જનરલ મેનેજર (એચ. આર.) શ્રી એ. સી. પ્રજાપતિ, અધિક મુખ્ય ઈજનેર (ટેક) શ્રી પી. બી. પંડ્યા, અધિક મુખ્ય ઈજનેર (પી.પી.) શ્રી એન. સી. મકવાણા તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓએ પણ જીયુવીએનએલ એમ. ડી. શ્રી જોષીનું સ્વાગત કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત વિદ્યુત બોર્ડમાંથી કંપનીકરણના ફળસ્વરૂપે મહેસાણા ખાતે સ્થપાયેલ ઉત્તર ગુજરાત વીજ કંપનીની કોર્પોરેટ ઓફિસની ગુજરાત ઊર્જા વિકાસ નિગમના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પંકજ જોષીએ પહેલી વાર મુલાકાત લીધી હતી.

મુલાકાત દરમિયાન ગુજરાત ઊર્જા વિકાસ નિગમના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જોષીએ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ પાસેથી કંપનીની કામગીરી વિષે જાણકારી મેળવી હતી. દરેક ખાતાકીય વડાશ્રી દ્વારા પોતપોતાના વિભાગની પ્રવૃત્તિઓ અંગે પ્રેઝન્ટેશન કરવામાં આવેલ.

શ્રી જોષીએ યુજીવીસીએલના ટીએન્ડડી લોસ વિશે તથા તેને ઘટાડવા કંપની દ્વારા શું કામગીરી કરવામાં આવે છે તેની તથા કંપનીની રેવેન્યુ (આવક) વિશે જાણકારી મેળવી હતી.

વીજ કર્મીઓ દ્વારા રોજબરોજના કામમાં સુરક્ષાના નિયમોને ધ્યાનમાં રાખી કામ કરવામાં આવે છે કે કેમ તેની જાણકારી પણ તેઓએ મેળવી હતી.







સરકારશ્રીની વીજળી સંબંધિત વિવિધ યોજનાઓના અમલીકરણની અદ્યતન માહિતી પણ શ્રી જોષીએ મેળવી હતી. યુજીવીસીએલ દ્વારા ઉત્તર ગુજરાતમાં વીજ માંગને પહોંચી વળવા સ્થપાનાર વિવિધ સબ સ્ટેશનો વિશે પણ માહિતી મેળવી હતી.

અંતમાં શ્રી જોષીએ ઉત્તર ગુજરાત વીજ કંપનીને મળેલ રાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય કક્ષાના વિવિધ એવોર્ડ્સ માટે ઉત્તર ગુજરાતના શહેરી તથા ગ્રામ્ય કક્ષાએ કંપનીની વીજ વ્યવસ્થા અને કામગીરીને બિરદાવી હતી તથા ભવિષ્યમાં પણ કંપની ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છાઓ પાઠવી હતી. ■

# નવનિર્મિત સ્ટાફ ક્વાટર્સનો લોકાર્પણ સમારંભ

## સાબરમતી સ્ટાફ કોલોની ખાતે ટાઈપ-૩ અને ટાઈપ-૪ ક્વાટર્સના નવનિર્મિત મકાનનું લોકાર્પણ માનનીય ચેરમેન શ્રી વરૂણ નાથ માયરા, આઈએએસ (નિવૃત્ત)ના વરદ્ હસ્તે તથા માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી. એ. શાહની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ










સંવત ૨૦૭૩, મહાવદ-૧૦ને મંગળવાર તા. ૨૧-૨-૨૦૧૭ના રોજ સાબરમતી સ્ટાફ કોલોની ખાતે ટાઈપ-૩ અને ટાઈપ-૪ ક્વાટર્સના નવનિર્મિત મકાનનો લોકાર્પણ સમારંભ કંપનીના માનનીય અધ્યક્ષ શ્રી વી. એન. માયરા, આઈએએસ (નિવૃત્ત)ના વરદ હસ્તે અને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી. એ. શાહ, આઈએએસની ઉપસ્થિતિમાં સાબરમતી ખાતે કરવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) અને ઇન્ચાર્જ મુખ્ય ઈજનેર (પીએન્ડપી) શ્રી એ. કે. મંગલ, કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોષી અને વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી, સાબરમતી સર્કલના અધિક્ષક ઈજનેર શ્રી એસ. પી. વૈદ્ય, કંપનીના ઉચ્ચ અધિકારીઓ તથા વિશાળ સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહેલ.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી. એ. શાહે ઉપસ્થિત મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. તેમણે ભારતની અગ્રગણ્ય વીજ વીતરણ કંપની હોવાનું ગૌરવ વ્યક્ત કરી, આ બાબત સૌ માટે પ્રોત્સાહક હોવાનું કહ્યું હતું અને સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ આપવાના ધ્યેયને સિદ્ધ કરવા હાકલ કરેલ. ત્યાર બાદ ઉપસ્થિત મહાનુભાવોનું આપણી પરંપરા મુજબ પુષ્પગુચ્છ આપીને સ્વાગત કરવામાં આવેલ. કંપનીના ચેરમેન શ્રી વી. એન. માયરાએ વક્તવ્યમાં જણાવેલ કે કંપનીના કર્મચારીઓને નવનિર્મિત મકાનને કારણે સૌને લાભ મળશે અને રહેઠાણની અગવડતા દૂર થશે અને વધુ કાર્યક્ષમતાથી કંપનીની કામગીરી થઈ શકશે.

તેઓએ નવીન અદ્યતન મકાનની સગવડતા પ્રાપ્ત કરનાર તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવી ગ્રાહકોને વધુ સારી સેવા દ્વારા સંતોષ આપવાનો પ્રયાસ થાય તેવી અપેક્ષા વ્યક્ત કરેલ.

સાબરમતી સર્કલના અધિક્ષક ઈજનેર શ્રી એસ. પી. વૈદ્ય તથા તેમના સ્ટાફ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંકલન કરવામાં આવેલ તથા અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કાર્યક્રમનું સફળ આયોજન કરેલ. ■

# યુજીવીસીએલ દ્વારા ''નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે''ની ઉજવણી










ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ૨૪-૦૧-૨૦૧૭ના રોજ ''નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે'' નિમિત્તે મહેસાણા શહેરમાં એક સુંદર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહેસાણાના શ્રી સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટની શાળાઓની બાળાઓ, શિક્ષકો અને શિક્ષિકાઓ ઉપસ્થિત રહેલ. રેલીની શરૂઆત સવારે ૯:૧૫ કલાકે સાર્વજનિક વિદ્યાલયના પ્રાંગણમાંથી થયેલ, જેમાં બાળાઓના હાથમાં જુદાં જુદાં પ્લેકાર્ડ હતાં, જેમાં સુંદર સુવાક્યો લખેલ, જેવાં કે...

''બેટી તો છે કુદરતનો ઉપહાર,
જીવવાનો આપો એને અધિકાર''
''બેટી બચાવો, બેટી પઢાવો''
''મા જોઈએ, પત્ની જોઈએ,
બહેન જોઈએ તો બેટી કેમ ના જોઈએ?''
''સ્ત્રી ભ્રુણ હત્યા અટકાવો''

આ સૂત્રો સાથે રેલી શિસ્તબદ્ધ રીતે શહેરના રાજમાર્ગોએ ફરેલ અને છેલ્લે ઉત્તર ગુજરાત વીજ કંપનીની કોર્પોરેટ ઓફિસ ખાતે પરત ફરીને એક સભામાં ફેરવાઈ ગઈ હતી.

આ સભાના સ્થળે બાળાઓ, શિક્ષકો, યુજીવીસીએલના અધિકારીઓ અને કર્મચારીગણ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ. જેમાં સૌ પ્રથમ વિશેષ મહાપ્રબંધક શ્રી એ. સી. પ્રજાપતિએ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીનો શુભ સંદેશો વાંચી સંભળાવેલ અને ખૂબ જ સુંદર પ્રવચન આપેલ.

ત્યાર બાદ કંપનીના જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી આર. બી. કોઠારીએ પ્રવચન કરેલ, ત્યાર બાદ અધિક્ષક ઈજનેર શ્રી પી. બી. પંડ્યાએ આભાર વિધિ કરેલ. સાર્વજનિક વિદ્યાલયમાં ''બેટી બચાવો'' થીમ ઉપર ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધામાં જે બાળાઓ વિજેતા થયેલી તેમને ઈનામ આપીને સન્માન કરવામાં આવેલ અને રેલીમાં જેટલી દીકરીઓ ઉપસ્થિત રહેલ તે દરેકને કંપાસ અને ચોકલેટ આપીને પુરસ્કૃત કરેલ.

ઈનામનું વિતરણ વિશેષ મુખ્ય ઈજનેર શ્રી પી. જે. ત્રિવેદી, અધિક્ષક ઈજનેર શ્રી એસ. એ. પટેલ અને ઈન્ચાર્જ વિશેષ મુખ્ય ઈજનેર શ્રી જે. કે. દરજીના હસ્તે કરવામાં આવેલ. ત્યાર બાદ સભાનું સમાપન કરવામાં આવેલ. ■

# સી.એસ.આર. સેલ પ્રતિનિધિઓ પર્લ સ્પેશિયલ નીડ્સ ફાઉન્ડેશનની મુલાકાતે








આપણા દેશમાં કોર્પોરેટ સેક્ટર દ્વારા સામાજિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે તે માટે ભારત સરકારે નવા કંપનીઝ એક્ટ ૨૦૧૩માં કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી અંગેના પ્રાવધાન કરવામાં આવેલ છે, જે મુજબ તેમાં સમાવિષ્ટ થતી કંપનીઓએ પોતાના ગત ત્રણ નાણાકીય વર્ષના એવરેજ પ્રોફિટની ૨% રકમનો ઉપયોગ સી.એસ.આર. પેટે શિડ્યુલ ૭માં આપવામાં આવેલ કોઈ એક અથવા એકથી વધુ સામાજિક ઉદ્ધારની પ્રવૃત્તિઓમાં કરવાનો હોય છે.

આપણી કંપનીનો સમાવેશ પણ એમાં થાય છે, જેના અનુસંધાને આપણી કંપની દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી પોલિસી ઘડવામાં આવેલ છે, જે કંપનીની વેબસાઇટ પર ઉપલબ્ધ છે તથા તેના સંબંધિત કાર્યો માટે કંપનીના અધિકારીશ્રીઓને સમાવિષ્ટ કરતા સી.એસ.આર. સેલની રચના કરવામાં આવી છે.

આ સેલમાં મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ. કે. મંગલ, જનરલ મેનેજર (ફાઈનાન્સ) અને સી.એફ.ઓ. શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોષી, એડિશનલ જનરલ મેનેજર (એચ. આર.) શ્રી એ. સી. પ્રજાપતિ તથા મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન) શ્રી કે. કે. સથવારા સામેલ છે.

માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી. એ. શાહ, આઈએએસના માર્ગદર્શન હેઠળ કાર્યરત સી.એસ.આર. સેલના પ્રતિનિધિઓને કંપની દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી અંગે કોઈ વિશિષ્ટ પ્રોજેક્ટ હાથ ધરવા આહ્વાન મળેલ, કે જેના દ્વારા સી.એસ. આર. પોલીસી હેઠળ કંપની યોગ્ય ફાળો આપી સમાજ પ્રત્યેની ફરજ અદા કરી શકે.

ગુજરાત સરકારશ્રી દ્વારા રચિત ગુજરાત સી.એસ.આર. ઓથોરિટી કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીના સુચારુ અમલીકરણ અર્થે વિવિધ ક્ષેત્રોમાં વિવિધ પ્રોજેક્ટ્સ હાથ ધરતી હોય છે.

આ માટે સી.એસ.આર. સેલના પ્રતિનિધિઓએ ગુજરાત સી.એસ.આર. ઓથોરિટીની મુલાકાત લઈ ગુજરાત સી.એસ.આર. ઓથોરિટી દ્વારા હાલમાં અમલી વિવિધ યોજનાઓની માહિતી મેળવી હતી.

ગુજરાત સી.એસ.આર. ઓથોરિટી દ્વારા અમલી વિવિધ યોજનાઓની માહિતી મેળવ્યા બાદ સી.એસ.આર. સેલના પ્રતિનિધિઓ દ્વારા એક બેઠક મળી હતી, જેમાં વોકેશનલ સ્કિલ ડેવલપમેન્ટ ફોર સ્પેશિયલ ચિલ્ડ્રન – વિશેષ બાળકોમાં વ્યાવસાયિક કૌશલ્ય કેળવવાના પ્રોજેક્ટમાં મેનેજિંગ ડિરેક્ટરશ્રી તથા સૌ પ્રતિનિધિઓને રસ પડ્યો હતો.

ગુજરાત સી.એસ.આર. ઓથોરિટી દ્વારા આ પ્રોજેક્ટ અંતર્ગત શારીરિક કે માનસિક તફાવત ધરાવતા ૧૫ થી ૧૮ વર્ષના ખાસ બાળમિત્રો (સ્પેશિયલ ચિલ્ડ્રન)ને પોતાના આવનારા જીવનમાં પગભર બનાવવા માટે એક ખાસ સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ ચલાવવામાં આવે છે. જેથી આવા બાળમિત્રો યુવાવસ્થામાં પ્રવેશતાં જ પોતાની શારીરિક કે માનસિક યોગ્યતા અનુસાર કમાણીનો

કોઈ ખાસ વ્યવસાય કે નોકરી કરી શકે, એ માટે એમને ટ્રેનિંગ આપવામાં આવે છે. આ ટ્રેનિંગ મેળવ્યા બાદ આવા બાળમિત્રો પરિવારના કોઈ પણ વ્યક્તિ ઉપર નિર્ભર રહેતા નથી અને પોતાનું ગુજરાન જાતે ચલાવી શકે છે.

ગુજરાત સી.એસ.આર. ઓથોરિટી દ્વારા આ પ્રોજેક્ટના અમલીકરણ માટે પર્લ સ્પેશિયલ નીડ્સ ફાઉન્ડેશનને કાર્ય સોંપવામાં આવેલ છે.

આ પ્રોજેક્ટને વધુ સારી રીતે સમજવા ઉત્તર ગુજરાત વીજ કંપનીના સી.એસ.આર. સેલના પ્રતિનિધિઓએ ગુજરાત સી.એસ. આર. ઓથોરિટી દ્વારા કાર્યરત આ પ્રોજેક્ટની સાઈટ વિઝિટ કરવા વિચાર્યું.

આથી તા. ૨૮ ડિસેમ્બર ૨૦૧૬ના રોજ સી.એસ.આર. સેલના પ્રતિનિધિઓ - કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોશી, એડિશનલ જનરલ મેનેજર (એચ. આર.) શ્રી એ. સી. પ્રજાપતિ તથા મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન) શ્રી કે. કે. સથવારાએ આ પ્રોજેક્ટ વિશે વધુ માહિતી મેળવવા પર્લ સ્પેશિયલ નીડ્ઝ ફાઉન્ડેશનની મુલાકાત લીધી હતી, જેમાં ગુજરાત સી.એસ.આર. ઓથોરિટીના પ્રોજેક્ટ ઓફિસર શ્રી ચિરાગ વ્યાસ અને શ્રીમતી ડેનિશા અગ્રાવત પણ જોડાયાં હતાં.

મુલાકાત દરમિયાન પર્લ સ્પેશિયલ નીડ્ઝ ફાઉન્ડેશનના સંચાલક શ્રીમતી ગ્રીવા શાહ, શ્રીમતી સોનિયા પરીખ અને શ્રીમતી બીજલ ફડિયા દ્વારા આ પ્રોજેક્ટ અંતર્ગત વોકેશનલ સ્કિલ ડેવલપમેન્ટમાં જે પ્રકારની વ્યવસાયિક સમજણ વિશિષ્ટ બાળમિત્રોને આપવામાં આવે છે એની જાણકારી આપી હતી. ચર્ચા દરમિયાન તેઓએ પ્રોજેક્ટમાં પડતી વિવિધ મુશ્કેલીઓ અંગે પણ સમજ આપી હતી.

મુલાકાત દરમિયાન કંપની સેક્રેટરી શ્રી જોશીએ વિશિષ્ટ બાળમિત્રો સાથે પરિસંવાદ પણ કર્યો હતો. વિશિષ્ટ બાળમિત્રો સાથેના વાર્તાલાપમાં શ્રી જોશીને આ બાળમિત્રોની તકલીફો વિષે જાણવા મળ્યું હતું.

સામાન્ય બાળકો કરતાં વિભિન્ન શારીરિક કે માનસિક તફાવત ધરાવતાં આ બાળકો સાથેના વાર્તાલાપમાં શ્રી જોશીએ બાળમિત્રોને સામાન્ય જ્ઞાનના પ્રશ્નો કરીને તેમની બુદ્ધિ કસોટીની પરીક્ષા પણ કરી હતી. વાર્તાલાપ દરમિયાન આ બાળમિત્રોમાં ખુશીનું વાતાવરણ છવાઈ ગયું હતું.

એડિશનલ જનરલ મેનેજર (એચ. આર.) શ્રી પ્રજાપતિ તથા મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન) શ્રી સથવારાએ પણ પર્લ સ્પેશિયલ નીડ્ઝ ફાઉન્ડેશનના સંચાલકો સાથે તથા બાળકો સાથે વાર્તાલાપ કર્યો હતો. યુજીવીસીએલ દ્વારા ગત નાણાકીય વર્ષ માટે રૂ. ૬૦ લાખનો ફાળો આપવામાં આવેલ. ■

# શ્રી એ. કે. વર્માને ભારતમાં વીજ વિતરણ વ્યવસ્થા અંગેની ૧૧મી વાર્ષિક કોન્ફરન્સમાં ખાસ આમંત્રણ



ઈન્ડિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પબ્લિશિંગ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા તારીખ ૨૪-૨૫ નવેમ્બર ૨૦૧૬ના રોજ ''ભારતમાં વીજ વિતરણ વ્યવસ્થા'' વિષય પર ૧૧મી વાર્ષિક કોન્ફરન્સ ધ ઈમ્પિરિયલ, નવી દિલ્હી ખાતે યોજવામાં આવી હતી.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્મા, આઈ.એફ.એસ., કે જેઓ હાલમાં ઊર્જા મંત્રાલય, ભારત સરકાર ખાતે જોઈન્ટ સેક્રેટરી છે, તેઓને આ કોન્ફરન્સના મુખ્ય સેશનમાં સ્પીકર તરીકે આમંત્રિત કરવામાં આવેલ હતા.

આ કોન્ફરન્સમાં ભારતમાં વીજ વિતરણ વ્યવસ્થાને સુદૃઢ બનાવવામાં નડતરરૂપ પ્રશ્નો વિશે ચર્ચા થઈ હતી, જેમાં દેશ-વિદેશની ઊર્જા ક્ષેત્રે કાર્યરત વીજ કંપનીઓ, સરકારી સાહસો, આઈ. ટી. કંપનીઓ, ઉત્પાદકો, વિવિધ ટેક્નોલોજી કંપનીઓ તથા અન્ય કંપનીઓ સામેલ હતી. ગુજરાત વિદ્યુત નિયંત્રણ પંચ (જી.ઈ.આર.સી.)ના ચેરમેન શ્રી આનંદ કુમારે પણ આ કોન્ફરન્સમાં ખાસ હાજરી આપી હતી. શ્રી એ. કે. વર્મા ઉપરાંત આ કોન્ફરન્સના મુખ્ય સેશનમાં સ્પીકર તરીકે શ્રી અનિરુદ્ધ બાસુ, મેનેજિંગ ડિરેક્ટર, સી.ઈ.એસ.સી.ને પણ આમંત્રણ હતું.

કોન્ફરન્સમાં ભાગ લેનાર અન્ય સ્પીકર્સમાં દેશની સરકારી તેમજ કોર્પોરેટ ક્ષેત્રે કાર્યરત વીજ કંપનીઓના વડાશ્રીઓ સામેલ હતા, જેઓએ ઊર્જા ક્ષેત્રે આવનાર પડકારોથી ઉપર આવી, કઈ રીતે દેશની વીજ વિતરણ વ્યવસ્થાને સુગમ બનાવી શકાય એ અંગે વિચારોનું આદાન પ્રદાન કર્યું હતું.

શ્રી એ. કે. વર્માના કાર્યકાળ દરમિયાન ઉત્તર ગુજરાત વીજ કંપનીએ સફળતાનાં શિખરો સર કર્યા હતાં તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ્સ પણ મેળવ્યા હતા. ■

# શ્રી એફ. એસ. બામચા, કંટ્રોલર ઓફ એકાઉન્ટસ અને શ્રી એચ. ટી. શાહ, અધિક્ષક હિસાબનો વિદાય સમારંભ









તા. ૨૬/૦૨/૨૦૧૭ના રોજ યુજીવીસીએલની મહેસાણા ખાતેની કોર્પોરેટ કચેરીના એકાઉન્ટ વિભાગમાં ફરજ બજાવતા શ્રી એફ. એસ. બામચા અને શ્રી એચ. ટી. શાહ વય મર્યાદાને લીધે નિવૃત્ત થતાં તેમના સન્માનમાં, કંપનીના નવનિર્મિત મકાનના કોન્ફરન્સ હોલ ખાતે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના વિશેષ મુખ્ય ઇજનેર (પીએન્ડપી) શ્રી એન. સી. મકવાણા, વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી, વિશેષ મુખ્ય ઇજનેર (ટેક) શ્રી પી. બી. પંડ્યા, કંટ્રોલર ઓફ એકાઉન્ટસ શ્રી એફ. એસ. બામચા, ડે. ચીફ એકાઉન્ટસ ઓફિસર શ્રી કે. બી. મેવાડા અને નાયબ મહાપ્રબંધક (મા.સં.) શ્રી એન. બી. બલાત કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારી ભાઈઓ તથા બહેનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ. કાર્યક્રમનું સંચાલન ટાઇપીસ્ટ શ્રી એમ. વી. કાપડીયાએ કરેલ. એકાઉન્ટ ઓફિસર શ્રી નિરજભાઈ જાંગીડ દ્વારા પ્રાસંગિક પ્રવચનમાં ઉપસ્થિત મહાનુભાવોને આવકારીને નિવૃત્ત થઈ રહેલ કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવેલ.

આ પ્રસંગે શ્રી એફ. એસ. બામચાને શ્રી કે. વી. મેવાડાએ અને શ્રી એચ. ટી. શાહને શ્રી પી. એમ. રાણાએ પુષ્પગુચ્છથી સન્માનેલ. તદ્ઉપરાંત શ્રી બામચાને શ્રી મકવાણાએ અને શ્રી શાહને શ્રી પંડ્યાએ શુકન શુભેચ્છા તથા શાલ અર્પણ કરેલ તથા શ્રી બામચાને શ્રી ત્રિવેદીએ અને શ્રી શાહને શ્રી બલાતે ચેક (આરટીજીએસ) પેમેન્ટ તથા સન્માનપત્ર અર્પણ કરેલ.

શ્રી કે. બી. મેવાડા અને શ્રી પી. એમ. રાણાએ વિદાય લેતા સાથીઓના પ્રતિભાવ આપેલ અને નિવૃત્તિ લઈ રહેલ શ્રી બામચા અને શ્રી શાહે પોતાના અનુભવો યાદ કરીને કારકિર્દી દરમિયાન સાથ અને સહકાર આપનાર તમામ કર્મચારીઓ અને અધિકારીઓનો હૃદયપૂર્વક આભાર માનેલ.

નિવૃત્તિ સમારંભમાં હાજર રહેલ વિશેષ મુખ્ય ઇજનેર (પીએન્ડપી) શ્રી એન. સી. મકવાણાએ નિવૃત્તિ લઈ રહેલ સાથી કર્મચારીનું શેષ જીવન સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્યપ્રદ રહે તેવી શુભેચ્છા પાઠવેલ તથા કારકિર્દી દરમિયાન તેઓની સેવાઓને બિરદાવી હતી. આ સાથે ભવિષ્યમાં જરૂર પડ્યે તેઓની સેવા પ્રાપ્ત કરવાની ખાત્રી મેળવેલ.

અંતમાં અધિક્ષક હિસાબ શ્રી એ. કે. ચૌધરીએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓનો આભાર વ્યક્ત કરેલ.

આઈ. આર. વિભાગના કર્મચારીઓ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન સફળ રીતે હાથ ધરેલ. ■

# મહેસાણા રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસના યજમાન પદે છઠ્ઠી ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન

## પાલનપુરની ટીમ ચેમ્પિયન તથા મહેસાણાની ટીમ રનર્સ-અપ થઈ









તારીખ ૧૦-૦૯-૨૦૧૬ના રોજ મહેસાણા રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસના યજમાન પદે છઠ્ઠી ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન એસ.કે. એન્જિનીયરિંગ કોલેજ, વિસનગરના પટાંગણમાં યોજવામાં આવેલ.

કંપનીના તાબા હેઠળના હિંમતનગર, સાબરમતી, મહેસાણા અને પાલનપુર સર્કલની ટીમોએ ભાગ લીધેલ. રસાકસીભરી રમતને અંતે પરંપરાગત હરીફ એવી પાલનપુર અને મહેસાણાની ટીમ વચ્ચે ફાઈનલ મુકાબલો થયેલ. જેમાં પાલનપુરની ટીમ વિજેતા થતાં

### છઠ્ઠી ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટમાં ચેમ્પિયન થયેલ પાલનપુરની ટીમ

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી એસ.જી.દેસાઈ | જુની. આસિસ્ટન્ટ | છાપી પે.વિ.કચેરી |
| શ્રી એમ.આર.લોહ | જુની. આસિસ્ટન્ટ | કાણોદર પે.વિ.કચેરી |
| શ્રી એચ.આર.માજીરાણા | ઈલે. આસિસ્ટન્ટ | ડીસા-૧ વિભાગીય કચેરી |
| શ્રી આર.એમ.ચૌધરી | આસિ. લાઈનમેન | ડીસા સીટી પે.વિ.કચેરી |
| શ્રી વાય.એસ.પટેલ | ઈલે. આસિસ્ટન્ટ | દિયોદર-૧ પે.વિ.કચેરી |
| શ્રી વી.બી.ઠાકર | જુની. આસિસ્ટન્ટ | છાપી પે.વિ.કચેરી |
| શ્રી એસ.એસ.દેસાઈ | જુની. આસિસ્ટન્ટ | પાલનપુર-૧ વિભાગીય કચેરી |
| શ્રી વાય.એસ.રાવલ | જુની. ઈજનેર | પાલનપુર હાઈવે પે.વિ.કચેરી |
| શ્રી આર.ડી.ચૌહાણ | લાઈનમેન | દાંતા પે.વિ.કચેરી |
| શ્રી આર.યુ.ઝાલા | લાઈન ઈન્સ્પેક્ટર | પાલનપુર-૧ વિભાગીય કચેરી |







### છઠ્ઠી ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટ રનર્સ-અપ થયેલ મહેસાણાની ટીમ

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી એમ.આર.ચૌધરી | જુની.આસિસ્ટન્ટ | લોદ્રા પે.વિ.કચેરી |
| શ્રી વી.ડી.ચૌધરી | જુની.આસિસ્ટન્ટ | ગોગીરીયા પે.વિ.કચેરી |
| શ્રી જી.વી.ચૌધરી | જુની.આસિસ્ટન્ટ | ગોગીરીયા પે.વિ.કચેરી |
| શ્રી સી.એમ.ચૌહાણ | જુની.આસિસ્ટન્ટ | પાટણ વિભાગીય કચેરી |
| શ્રી જે.ડી.પરમાર | સીની.આસિસ્ટન્ટ | પાટણ સીટી-૨ પે.વિ.કચેરી |
| શ્રી આર.કે.પટેલ | જુની.આસિસ્ટન્ટ | પાટણ વિભાગીય કચેરી |
| શ્રી એમ.વી.ચૌધરી | જુની.આસિસ્ટન્ટ | વિસનગર-૨ પે.વિ.કચેરી |
| શ્રી પી.કે.રાવલ | જુની.આસિસ્ટન્ટ | વડનગર સેક્શન ઓફિસ |
| શ્રી એ.બી.નાયી | જુની.આસિસ્ટન્ટ | બેચરાજી પે.વિ.કચેરી |
| શ્રી વી.એ.ભટ્ટ | સીની.આસિસ્ટન્ટ | દેત્રોજ પે.વિ.કચેરી |

### છઠ્ઠી ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટમાં પસંદગી પામેલ યુજીવીસીએલની ટીમ

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી એમ.આર.લોહ | જુની. આસિસ્ટન્ટ | કાણોદર પે.વિ.કચેરી |
| શ્રી એસ.જી.દેસાઈ | જુની. આસિસ્ટન્ટ | છાપી પે.વિ.કચેરી |
| શ્રી આર.એમ.ચૌધરી | આસી. લાઇનમેન | ડીસા પે.વિ.કચેરી |
| શ્રી વાય.એસ.પટેલ | ઈલે. આસિસ્ટન્ટ | દીયોદર-૧ પે.વિ.કચેરી |
| શ્રી વી.ડી.ચૌધરી | જુની. આસિસ્ટન્ટ | ગોઝારીયા પે.વિ.કચેરી |
| શ્રી સી.એમ.ચૌહાણ | જુની. આસિસ્ટન્ટ | પાટણ વિભાગીય કચેરી |
| શ્રી એમ.આર.ચૌધરી | જુની. આસિસ્ટન્ટ | લોદરા પે.વિ.કચેરી |
| શ્રી કે.એસ.ગામેતી | ઈલે. આસિસ્ટન્ટ | ગાંભોઈ પે.વિ.કચેરી |
| શ્રી વી.આર.બારીયા | જુની. આસિસ્ટન્ટ | અડાલજ પે.વિ.કચેરી |
| શ્રી એસ.બી.પટેલ | ઈલે. આસિસ્ટન્ટ | સલાલ પે.વિ.કચેરી |
| **સ્ટેન્ડ બાય ખેલાડી** | | |
| શ્રી એસ.એ.ઠાકોર | પ્યુન | સાબરમતી સર્કલ ઓફિસ |
| શ્રી એચ.આર.નીનામા | ઈલે. આસિસ્ટન્ટ | હિંમતનગર(ગ્રામ્ય)પે.વિ.કચેરી |

ચેમ્પિયન બનેલ છે. જ્યારે મહેસાણાની ટીમ રનર્સ-અપ થયેલ છે. ટુર્નામેન્ટ પૂર્ણ થયા બાદ ઈન્ટર કંપની માટે કબડ્ડી ટીમની પસંદગી કરવામાં આવેલ.

ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં આઇ.આર.ઓ. શ્રી વી. એચ. અસારીએ ઉદ્‌ઘાટન કરીને સમારંભમાં પ્રમુખ સ્થાનેથી પોતાનું વક્તવ્ય આપેલ અને જણાવેલ કે રમત-ગમતના આયોજનથી કર્મચારીઓમાં સકારાત્મક પ્રતિસાદ મળે છે. તેમણે ખેલાડીઓને ખેલદિલીપૂર્વક રમી ટુર્નામેન્ટ સફળ બનાવવા અપીલ કરી હતી.

ટુર્નામેન્ટ સમાપન સમારંભમાં આઇ. આર.ઓ. શ્રી વી. એચ. અસારી, આસિસ્ટન્ટ સેક્રેટરી શ્રી પ્રણયભાઈ, હેડક્લાર્ક શ્રી એસ. એસ. પ્રજાપતિ તથા એચ.આર.નો સ્ટાફ ઉપસ્થિત રહેલ. શ્રી અસારી, શ્રી પ્રણયભાઈ અને શ્રી પ્રજાપતિ દ્વારા વિજેતા ટીમના ખેલાડીઓને ટ્રોફી અને ટી-શર્ટ એનાયત કરવામાં આવેલ. શ્રી પ્રણયભાઈ દ્વારા વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવી ઈન્ટર કંપની ટુર્નામેન્ટ માટે શુભેચ્છા પાઠવેલ.

ટુર્નામેન્ટનું સફળ આયોજન જુનિયર આસિસ્ટન્ટ, શ્રી યુ. પી. બારોટ, જુનિયર આસિસ્ટન્ટ શ્રી એન. એમ. પહેલામણી, જુનિયર આસિસ્ટન્ટ (ટા) શ્રી એમ. વી. કાપડીયા, પ્યુન, શ્રી કે.આર. નાયક અને પ્યુન, શ્રી સી. બી. પ્રજાપતિ દ્વારા કરવામાં આવેલ. ■

# અગિયારમી ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પાલનપુર સર્કલ ચેમ્પિયન

## હિંમતનગર સર્કલ રનર્સ-અપ










તા.૨૬,૨૭,૨૮ નવેમ્બર, ૨૦૧૬ દરમિયાન અગિયારમી ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા જી.ડી. મોદી કોલેજ, પાલનપુર ખાતે કરવામાં આવેલ. તેમાં યુજીવીસીએલ ઓફિસની ક્રિકેટ ટીમોના પસંદગી પામેલ ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલો.

ટુર્નામેન્ટમાં સેમી ફાઇનલમાં હિંમતનગર સર્કલ અને મહેસાણા સર્કલ વચ્ચે મુકાબલો થયેલ, જેમાં હિંમતનગર સર્કલ વિજેતા થયેલ. બીજી સેમી ફાઈનલ મેચ પાલનપુર સર્કલ અને સાબરમતી સર્કલ વચ્ચે યોજાયેલ, જેમાં પાલનપુર સર્કલ વિજેતા થયું હતું. ફાઇનલ મેચમાં રસાકસીભરી રમતને અંતે હિંમતનગર સર્કલને હરાવીને પાલનપુર ચેમ્પિયન થયેલ અને હિંમતનગર સર્કલ રનર્સ-અપ થયેલ છે.

ટુર્નામેન્ટ સંબંધિત સમારંભમાં પાલનપુર વિભાગીય કચેરી-૨ના કાર્યપાલક ઇજનેર શ્રી એલ.એ. ગઢવી, પાલનપુર હાઇવે સબડિવિઝન, નાયબ ઇજનેર, શ્રી વી.આર. પટેલ તથા પાલનપુર સીટી સબ-

**અગિયારમી ઇન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન થયેલ પાલનપુરની ટીમ**

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી કે.બી. પુરોહિત | સીની. આસિસ્ટન્ટ | પાલનપુર વર્તુળ |
| ૨ | શ્રી એન.એ. સોલંકી | સીની. આસિસ્ટન્ટ | ડીસા-૧ વિભાગીય કચેરી |
| ૩ | શ્રી બી.જી. કોએટીયા | જુની. આસિસ્ટન્ટ | ડીસા-૨ વિભાગીય કચેરી |
| ૪ | શ્રી ઝેડ.ઝેડ. સૈયદ | સીની. આસિસ્ટન્ટ | ધાનેરા-૨ પેટાવિભાગીય કચેરી |
| ૫ | શ્રી એ.એ. ચૌહાણ | સીની. આસિસ્ટન્ટ | સિધ્ધપુર વિભાગીય કચેરી |
| ૬ | શ્રી વી.એચ. પ્રજાપતિ | ઈલે. આસિસ્ટન્ટ | પાલનપુર હાઈવે પે.વિ. કચેરી |
| ૭ | શ્રી એમ.કે. રાવલ | જુની. આસિસ્ટન્ટ | પાલનપુર હાઈવે પે.વિ. કચેરી |
| ૮ | શ્રી વાય.એસ. રાવલ | જુની. ઇજનેર | પાલનપુર હાઈવે પે.વિ. કચેરી |
| ૯ | શ્રી એસ.એલ. ઝોપે | સીની. આસિસ્ટન્ટ | પાલનપુર વર્તુળ કચેરી |
| ૧૦ | વી.ડી. ચૌહાણ | ઈલે. આસિસ્ટન્ટ | શિહોરી પે.વિ. કચેરી |
| ૧૧ | શ્રી વી.બી. ઠાકોર | ઈલે. આસિસ્ટન્ટ | છાપી પે.વિ. કચેરી |
| ૧૨ | શ્રી એચ.કે. મોઢ | જુની. આસિસ્ટન્ટ | પાલનપુર શહેર પે.વિ. કચેરી |
| ૧૩ | શ્રી સી.ડી. ગૌસ્વામી | જુની. ઇજનેર | શિહોરી પે.વિ. કચેરી |
| ૧૪ | શ્રી ડી.કે. રાંધેચા | જુની. આસિસ્ટન્ટ | પે.વિ. કચેરી ડીસા-૨ |
| ૧૫ | શ્રી આર.ડી. ચૌહાણ | લાઈનમેન | દાંતા પે.વિ. કચેરી |
| ૧૬ | શ્રી બી.બી. પંડ્યા | જુની. આસિસ્ટન્ટ | ભીલડી પે.વિ. કચેરી |

## અગિયારમી ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં રનર્સ-અપ થયેલ હિંમતનગરની ટીમ

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી એન.આર. દવે | નાયબ અધિક્ષક | સાબરમતી વિભાગીય કચેરી |
| ૨ | શ્રી કે.જે. સોલંકી | જુની. આસિસ્ટન્ટ | છત્રાલ પે.વિ. કચેરી |
| ૩ | શ્રી જે.ડી. મકવાણા | ઈલે. આસિસ્ટન્ટ | ચીલોડા-૧ પે.વિ. કચેરી |
| ૪ | શ્રી એન.કે. ત્રિવેદી | જુની. આસિસ્ટન્ટ | ગાંધીનગર વિભાગીય કચેરી |
| ૫ | શ્રી ડી.વી. વાઘેલા | જુની. ઇજનેર | સાણંદ-૨ પે.વિ. કચેરી |
| ૬ | શ્રી એન.બી. મહેતા | જુની. ઇજનેર | સાણંદ-૨ પે.વિ. કચેરી |
| ૭ | શ્રી એમ.એ. પટેલ | જુની. આસિસ્ટન્ટ | કુજાડ પે.વિ. કચેરી |
| ૮ | શ્રી એસ.એ. ઠાકોર | પટાવાળા | સાબરમતી વર્તુળ કચેરી |
| ૯ | શ્રી એન.આર. પારેખ | જુની. ઇજનેર | કલોલ-૧ પે.વિ. કચેરી |
| ૧૦ | શ્રી બી.એન. જોષી | જુની. આસિસ્ટન્ટ | કલોલ-૨ પે.વિ. કચેરી |
| ૧૧ | શ્રી હિતેષ પટેલ | મીટર ટેસ્ટર | કલોલ (લેબ) |
| ૧૨ | શ્રી એચ.એમ. ઓઝા | જુની. ઇજનેર | સાંતેજ પે.વિ. કચેરી |
| ૧૩ | શ્રી એ.એચ. ચાંપાનેરી | જુની. ઇજનેર | ગાંધીનગર વિભાગીય કચેરી |
| ૧૪ | શ્રી એસ.એલ. પટેલ | જુની. આસી. (મી.રી.) | ગાંધીનગર પે.વિ. કચેરી |
| ૧૫ | શ્રી ડી.એલ. ઝાલા | જુની. આસિસ્ટન્ટ | કોઠ પે.વિ. કચેરી |
| ૧૬ | શ્રી જી.એલ. ગમરા | જુની. આસિસ્ટન્ટ | કોઠ પે.વિ. કચેરી |

## અગિયારમી ઈન્ટર કંપની ક્રિકેટ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ યુજીવીસીએલની ટીમ

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી એન.એ. સોલંકી | સીની. આસિસ્ટન્ટ | ડીસા ડિવિઝન-૧ |
| ૨ | શ્રી બી.જી. કોઇટીયા (કેપ્ટન) | જુની. આસિસ્ટન્ટ | ડીસી ડિવિઝન-૨ |
| ૩ | શ્રી ઝેડ.ઝેડ. સૈયદ | સીની. આસિસ્ટન્ટ | ધાનેરા-૨ સ. ડિવિઝન |
| ૪ | શ્રી વાય.એસ. રાવલ | જુની. ઇજનેર | પાલનપુર હાઈવે સ.ડી. |
| ૫ | શ્રી એચ.કે. રાવલ | જુની. આસિસ્ટન્ટ | પાલનપુર હાઈવે સ.ડી. |
| ૬. | શ્રી વી.એચ. પ્રજાપતિ | ઈલે. આસિસ્ટન્ટ | પાલનપુર હાઈવે સ.ડી. |
| ૭. | શ્રી એ.એ. ખાનુસીયા | જુની. ઇજનેર | હિંમતનગર રૂરલ સ.ડી. |
| ૮. | શ્રી બી.ડી. પટેલ (વાઈસ કેપ્ટન) | જુની. ઈજનેર | હિંમતનગર રૂરલ સ.ડી. |
| ૯. | શ્રી ડી.બી. પટેલ | જુની. ઇજનેર | બાયડ સ.ડી. |
| ૧૦. | શ્રી એમ. આઈ. મનસુરી | જુની. આસિસ્ટન્ટ | ચોઈલા સ.ડી. |
| ૧૧. | શ્રી એ.જે. સોલંકી | જુની. આસિસ્ટન્ટ | છત્રાલ સ.ડી. |
| ૧૨. | શ્રી હિતેશ પટેલ | મીટર ટેસ્ટર | કલોલ લેબ |
| ૧૩. | શ્રી ડી.એન. જોષી | જુની. આસિસ્ટન્ટ | કલોલ-૨ સ.ડી. |
| ૧૪. | શ્રી એમ.આર. ચૌધરી | જુની. આસિસ્ટન્ટ | લોદરા સ.ડી. |
| ૧૫. | શ્રી એ.એન. ચાવડા | જુની. આસિસ્ટન્ટ | દેત્રોજ સ.ડી. |
| ૧૬. | શ્રી વી.એસ. ચૌધરી | મીટર ટેસ્ટર | વિજાપુર લેબ. |







ડિવિઝનના જુનિયર ઇજનેર, શ્રી ડી.એસ. વાઘેલાએ ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

પ્રાસંગિક પ્રવચનમાં કાર્યપાલક ઇજનેર શ્રી એલ.એ. ગઢવીએ કંપનીમાં ચાલી રહેલ રમત-ગમતની પ્રવૃત્તિ વિશે ગૌરવની લાગણી દર્શાવી. સમાપન સમારંભમાં કાર્યપાલક ઈજનેર એલ.એ. ગઢવી, નાયબ ઈજનેર શ્રી વી.આર. પટેલ તથા જુનિયર ઇજનેર શ્રી ડી.એસ. વાઘેલા ઉપસ્થિત રહેલ.

શ્રી ગઢવીએ ચેમ્પિયન તથા રનર્સ-અપ ટીમને અભિનંદન પાઠવી તમામ ખેલાડીઓને સ્પોર્ટસમેન સ્પીરીટથી રમીને ટુર્નામેન્ટ સફળ બનાવવા બદલ અભિનંદન આપ્યા હતા. વિજેતા ખેલાડીઓને ટ્રોફી, ટીશર્ટ તથા મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ. ટુર્નામેન્ટના બેસ્ટ બોલર, બેસ્ટ બેટ્સમેન અને બેસ્ટ ઓલરાઉન્ડરને ખાસ મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવેલ. ટુર્નામેન્ટમાં સિલેક્ટર તરીકે શ્રી માજીદખાન સીંધી અને અમ્પાયર તરીકે શ્રી દિનેશભાઈએ ઉત્કૃષ્ટ કામગીરી બજાવેલ.

ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે શ્રી આર.ડી. ચૌહાણ, લાઇનમેન દાંતા, શ્રી કે.બી. પુરોહિત સિનિયર આસિસ્ટન્ટ પાલનપુર, એન.એ. સોલંકી, સિનિયર આસિસ્ટન્ટ ડીસા તથા શ્રી વાય.એચ. રાવલ પાલનપુરે મહત્ત્વની ભૂમિકા અદા કરેલ. ■

# વડોદરા ખાતે સ્વિચ ગ્લોબલ એક્સપોનું આયોજન

કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકારના સહિયારા ઉપક્રમે તારીખ ૬થી ૧૦ ઓક્ટોબર ૨૦૧૬ દરમિયાન વડોદરા ખાતે વૈશ્વિક પ્રદર્શન – સ્વિચ ગ્લોબલ એક્સપો ૨૦૧૬નું આયોજન કરવામાં આવેલ.

દેશના પાવર અને ખાસ કરીને ઇલેક્ટ્રિક સેક્ટરમાં કાર્યરત વિવિધ સરકારી કંપનીઓ તથા પ્રાઇવેટ વીજ કંપનીઓના વ્યવસાયને લગતી માહિતી, ઇક્વીપમેન્ટ્સ મેન્યુફેક્ચરર્સ, સપ્લાયર્સ વગેરેને એક જ પ્લેટફોર્મ પર ભેગા કરવાથી દેશના વીજ ક્ષેત્રે ક્રાંતિ લાવનાર ગુજરાત રાજ્યની વીજ વ્યવસ્થાને સમજી, તે જ પ્રકારની વ્યવસ્થા બીજા રાજ્યોમાં પણ સ્થાપી શકાય તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાની વીજ સેક્ટર સાથે સંકળાયેલા સરકારી સાહસો અને કોર્પોરેટ્સ આ કાર્યક્રમમાં સામેલ હતા. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેની કંપનીઓએ પણ સ્વિચ એક્સપોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ અને તેની કંપનીઓની રાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય કક્ષાની સિદ્ધિઓ, ઉપલબ્ધીઓ, વીજ વ્યવસ્થા, ટેક્નોલોજીને લગતા વિવિધ પ્રોજેક્ટ્સ તથા આવનારા સમયમાં અમલી થનારા વિવિધ પ્રોજેક્ટ્સની માહિતી આ સ્ટોલમાં રજૂ કરવામાં આવી હતી.

એક અહેવાલ પ્રમાણે ભારતમાં કુલ વીજ ઉત્પાદનમાંથી ૨૩ ટકા વીજ ઉત્પાદન માત્ર ગુજરાતમાંથી જ થાય છે. ગુજરાતની આ ક્ષમતાને વધારવા તથા અન્ય રાજ્યોમાં પણ વીજ ઉત્પાદન વ્યવસ્થાને વેગ મળે તે હેતુથી આ કાર્યક્રમ ઘડવામાં આવ્યો હતો.

ઊર્જા ક્ષેત્રે અદ્યતન ટેક્નોલોજી, નવીન શોધ એન્ડ કૌશલ્યો દ્વારા દેશને સ્વનિર્ભર બનાવવાના અભિયાનમાં સ્વિચ ગ્લોબલ એક્સપો દ્વારા ગુજરાત અગ્રેસર રહેશે તેવો મત કાર્યક્રમ દરમિયાન પ્રસરી રહ્યો છે.

ભારતમાં નવા ધંધા રોજગારને વધારવા માટે વીજ વ્યવસ્થા સુદૃઢ હોવી જરૂરી છે, એટલે વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૭ પહેલા આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ભારત સરકારના ઊર્જા મંત્રાલયના સહકાર દ્વારા અને ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના માર્ગદર્શન હેઠળ એક ઇન્ટરનેશનલ કોન્ફરન્સ પણ આ કાર્યક્રમ દરમિયાન યોજવામાં આવી હતી.

સ્વિચ ગ્લોબલ એક્સપોમાં વિશ્વભરના ૩૦થી વધુ ઊર્જા મંત્રીશ્રીઓ, ઊર્જા સેક્રેટરીશ્રીઓ, યુટીલીટી કંપનીઓ તથા આંતરરાષ્ટ્રીય કક્ષાના ડેલિગેટ્સ સામેલ હતા.

સ્વિચ ગ્લોબલ એક્સપોમાં ઇનોવેશન ટેક્નોલોજી સમિટ, નેશનલ પાવર મિનિસ્ટર્સ કોન્ફરન્સ, નેશનલ ચીફ ઇલેક્ટ્રિકલ ઇન્સ્પેક્ટર્સ મીટ, ટેક્નિકલ સેમિનાર અને નેશનલ ટેસ્ટિંગ લેબોરેટરીઝ મીટ પણ યોજવામાં આવી હતી. ■

# પાલનપુર ખાતે ખેલમહાકુંભનું ઉદ્‌ઘાટન

ખેલમહાકુંભ એટલે રમતોના મહાઉત્સવને ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ બનાસકાંઠાના પાલનપુર શહેર મુકામે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેમાં શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, માનનીય રાજ્યકક્ષા મંત્રી રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (સ્વતંત્ર હવાલો) અને યાત્રાધામ વિકાસ બોર્ડ તથા પ્રસિદ્ધ બેડમિન્ટન કોચ શ્રી પી. ગોપીચંદ અને લંડન ખાતે યોજાયેલ ઓલિમ્પિક્સના બ્રોન્ઝ મેડાલિસ્ટ શ્રી ગગન નારંગ, ગુજરાત રાજ્યના પ્રતિભાશાળી ૩૬-શક્તિદૂત ખેલાડીઓ, તેમના વાલીઓ તથા વિવિધ રમતોના એક્સપર્ટ કોચ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યમાં ૭થી ૨૩ ઓક્ટોમ્બર સુધી યોજાયેલી 'કબડ્ડી વર્લ્ડ કપ'ની બે ટીમો ભારત અને કેન્યા વચ્ચે ફ્રેન્ડલી મેચનું આયોજન પણ આ ઉદ્‌ઘાટન સમારોહમાં કરવામાં આવ્યું હતું.

ખેલમહાકુંભની શરૂઆત માનનીય વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી ગુજરાત, શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવેલ. જેની પાછળનો આશય રમતગમતને પ્રોત્સાહન અને રાજ્યમાં સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિ લાવવાનો અને છેવાડાના વિસ્તારમાં છુપાઈને પડેલી રમતગમત ક્ષેત્રની વ્યક્તિઓને પ્રકાશમાં લાવવા માટેનો રહ્યો છે. પ્રતિ વર્ષ યોજાતા ખેલમહાકુંભ થકી ગ્રામ્યકક્ષાથી માંડી શહેરી વિસ્તારના ૨૪ લાખથી વધુ સ્પર્ધકોને તેમનામાં રહેલું રમત-ગમત પ્રત્યેનું કૌશલ્ય બહાર લાવવાની તક પ્રાપ્ત થાય છે.

વિશિષ્ટ અને સક્ષમ એવા દિવ્યાંગ ખેલાડીઓએ પણ ખરેખર ખેલમહાકુંભને એક આગવી ઓળખ આપી છે. આવા ખેલમહાકુંભમાં ૨૫૦૦૦ જેટલા દિવ્યાંગ ખેલાડીઓએ હિસ્સો લીધો છે. ખેલમહાકૂંભના ખેલાડીને પ્રતિ વર્ષે બહુ મોટી રકમનાં પ્રોત્સાહક ઇનામો આપવામાં આવે છે. ■

# મારે ફરી એકવાર શાળાએ જવું છે...

મારે ફરી એકવાર શાળાએ જવું છે.
દોડતાં જઈને મારી રોજની બાંકડીએ બેસવું છે,
રોજ સવારે ઊંચા અવાજે રાષ્ટ્રગીત ગાવું છે.
નવી નોટની સુગંધ લેતાં પહેલા પાને,
સુંદર અક્ષરે મારું નામ લખવું છે.
**...મારે ફરી એકવાર શાળાએ જવું છે.**

રીસેસ પડતાં જ વોટરબેગ ફેંકી,
નળ નીચે હાથ ધરી પાણી પીવું છે.
જેમ તેમ લંચબોક્સ પૂરું કરી... મરચું મીઠું ભભરાવેલ,
આમલી-બોર-જમરૂખ-કાકડી બધું ખાવું છે.
સાઇકલના પૈડાની સ્ટમ્પ બનાવી ક્રિકેટ રમવું છે,
કાલે વરસાદ પડે તો નિશાળે રજા પડી જાય,
એવાં વિચારો કરતાં રાતે સૂઈ જવું છે,
અનપેક્ષિત રજાના આનંદ માટે...
**...મારે ફરી એકવાર શાળાએ જવું છે.**

છૂટવાનો ઘંટ વાગવાની રાહ જોતાં,
મિત્રો સાથે ગપ્પાં મારતાં વર્ગમાં બેસવું છે.
ઘંટ વાગતાં જ મિત્રોનું કુંડાળું કરીને,
સાઇકલની રેસ લગાવતાં ઘેર જવું છે.
રમત-ગમતના પીરીયડમાં...
તારની વાડમાંના બે તાર વચ્ચેથી સરકી બહાર ભાગી જવું છે.
તો ભાગી જવાની મોજ અનુભવવા...
**...મારે ફરી એકવાર શાળાએ જવું છે.**

દીવાળીના વેકેશનની રાહ જોતાં,
છ માસિક પરીક્ષાનો અભ્યાસ કરવો છે.
દિવસભર કિલ્લો બાંધીને માટીને પગથી તોડી,
હાથ ધોયા વિના ફરાળની થાળી પર બેસવું છે.
રાતે ઝાઝા બધા ફટાકડા ફોડ્યા પછી,
તેમાંથી ન ફૂટેલા ફટાકડા શોધતાં ફરવું છે.
વેકેશન પત્યા પછી બધી ગમ્મતો દોસ્તોને કહેવા...
**...મારે ફરી એકવાર શાળાએ જવું છે.**



કેટલીયે ભારે જવાબદારીઓના બોજ કરતાં,
પીઠ પર દફતરનો બોજ વળગાડવો છે...
ગમે તેવી ગરમીમાં એરકંડીશન્ડ ઓફિસ કરતાં,
પંખા વિનાના વર્ગમાં બારી ખોલીને બેસવું છે.
કેટલીયે તૂટફૂટ વચ્ચે ઓફિસની આરામદાયક ખુરશી કરતાં,
બેની બાંકડી પર ત્રણ દોસ્તોએ બેસવું છે...
''બચપણ પ્રભુની દેણ છે''-
તુકારામના એ અભંગનો અર્થ
હવે થોડો સમજમાં આવવા માંડ્યો છે.
એ બરાબર છે કે નહીં તે સાહેબને પૂછવા માટે...
**...મારે ફરી એકવાર શાળાએ જવું છે.**

નાનો હતો ત્યારે જલ્દી મોટા થવું હતું...
આજે જ્યારે મોટો થયો ત્યારે ખ્યાલ આવે છે કે,
''તૂટેલાં સ્વપ્નો'' અને ''અધૂરી લાગણીઓ'' કરતાં
''તૂટેલાં રમકડાં'' અને ''અધૂરાં હોમવર્ક'' સારાં હતાં...
આજે સમજાય છે કે જ્યારે ''બોસ'' ખીજાય એના કરતાં,
શાળામાં શિક્ષક ''અંગુઠા'' પકડાવતા હતા એ સારું હતું...
આજે ખબર પડી કે ૧૦-૧૦ રૂપિયા ભેગા કરીને નાસ્તાનો જે
આનંદ આવતો હતો એ આજે ''પીઝા''માં નથી આવતો...
ફક્ત મારે જ નહીં,
**-કદાચ આપણે બધાને ફરી સ્કૂલે જવું છે...**




# આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો ?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઇલ આઈડી પર મોકલી શકો છો.


cs@ugvcl.in
managercc@ugvcl.in
rbshukla.cccell@gmail.com
cccell@ugvcl.com